==============================================================

**<u>અસ્વીકરણ:</u>** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==============================================================

# ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

## આર/ક્રિમિનલ અપીલ નં. ૧૮૭/૨૦૧૫

## વીથ

## આર/ક્રિમિનલ અપીલ નં. ૧૮૫/૨૦૧૬

## વીથ

## આર/ક્રિમિનલ અપીલ નં. ૪૮૭/૨૦૧૬

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી બેલા એમ. ત્રિવેદી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. સી. રાવ**

===============================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક પેપર્સના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | હા |
| ૨ | પત્રકારને રિફર કરવામાં આવશે કે નહીં? | હા |
| ૩ | શું માનનીય ન્યાયમૂર્તિશ્રી ચુકાદાની વાજબી નકલ જોવા માંગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તેના હેઠળ કરાયેલા કોઈપણ આદેશને લગતા કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | ના |

===============================================================

ભરતસિંહ @ ભૂપતસિંહ @ ભુપી મંગલસિંહ ઝાલા

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય

===============================================================

ઉપસ્થિતિ:

ક્રિમિનલ અપીલ નં. ૧૮૭/૨૦૧૫ માં,

અપીલકર્તા(ઓ) નં. ૧ (આરોપી નં. ૩) તરફે શ્રી આશિષ એમ. ડગલી(૨૨૦૩), એડવોકેટ.

સામાવાળા(ઓ) – રાજ્ય તરફે શ્રી હિતેષ અમીન, પબ્લિક પ્રોસિક્યુટર, શ્રી હિમાંશુ કે. પટેલ, એ.પી.પી. સાથે.

ક્રિમિનલ અપીલ નં. ૧૮૫/૨૦૧૬ અને નં. ૪૮૭/૨૦૧૬ માં,

અપીલકર્તાઓ (આરોપી નં. ૧ અને ૨) તરફે શ્રી કૈવન કે. પટેલ, એડવોકેટ.

સામાવાળા(ઓ) – રાજ્ય તરફે શ્રી હિતેષ અમીન, પબ્લિક પ્રોસિક્યુટર, શ્રી

હિમાંશુ કે. પટેલ, એ.પી.પી. સાથે.

=================================================

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી બેલા એમ. ત્રિવેદી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. સી. રાવ**

**તારીખઃ૧૯/૧૦/૨૦૧૯**

**સી.એ.વી. ચુકાદો**

**(માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. સી. રાવ દ્વારા)**

૧.૦૦. આ તમામ અપીલો નીચલી અદાલત દ્વારા પસાર કરાયેલ સજા અને દોષિત ઠરાવવાના સામાન્ય ચુકાદા અને આદેશની વિરુદ્ધમાં હોવાથી, તેમની સુનાવણી, નિર્ણય અને નિકાલ આ સામાન્ય ચુકાદા અને આદેશ દ્વારા કરવામાં આવે છે.

૨.૦. ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ ૩૭૪ (જેને હવે પછી "સી.આર.પી.સી." તરીકે ઓળખવામાં આવશે) હેઠળ, ક્રિમિનલ અપીલ નં. ૧૮૭/૨૦૧૫ અપીલકર્તા – મૂળ આરોપી નં. ૩ – ભરતસિંહ ઉર્ફે ભૂપતસિંહ ઉર્ફે ભૂપી મંગલસિંહ ઝાલા દ્વારા, ક્રિમિનલ અપીલ નં. ૧૮૫/૨૦૧૬ અપીલકર્તા – મૂળ આરોપી નં. ૧ – કૃષ્ણપ્રસાદ પ્રભુપ્રસાદ તુર્હા દ્વારા અને

ક્રિમિનલ અપીલ નં. ૪૮૭/૨૦૧૬ અપીલકર્તા – મૂળ આરોપી નં. ૨ – રત્નાકર દિવાકર બંસીધર પરોધા દ્વારા દાખલ કરવામાં આવી છે, જેમાં લીંબડીના વિદ્વાન એડિશનલ સેશન્સ જજ દ્વારા સ્પેશિયલ એનડીપીએસ કેસ નં. ૨/૨૦૧૨ [જૂનો નં. ૧/૨૦૧૧] માં પસાર કરાયેલા તારીખ ૧૭/૧૨/૨૦૧૪ ના દોષિત ઠરાવવાના અને સજાના ચુકાદા અને આદેશની કાયદેસરતા અને માન્યતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. એડિશનલ સેશન્સ જજે, ઉપરોક્ત ચુકાદા દ્વારા, અહીંના તમામ અપીલકર્તાઓ – મૂળ આરોપીઓને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ (જેને હવે પછી ટૂંકમાં "એનડીપીએસ એક્ટ" તરીકે ઓળખવામાં આવશે) ની કલમ ૮સી, ૨૦બી અને ૨૯ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠેરવ્યા છે અને તેમને ૧૪ વર્ષની સખત કેદની સજા ફટકારી છે અને દરેક પર રૂ. ૧ લાખનો દંડ પણ ફટકાર્યો છે, અને દંડ જમા કરાવવામાં કસૂર થવા પર, વિદ્વાન ન્યાયાધીશે આરોપીઓને વધુ બાર મહિનાની સાદી કેદ ભોગવવાનો નિર્દેશ આપ્યો છે.

૨.૦૧. પ્રોસિક્યુશનનો કેસ, ટૂંકમાં એવો છે કે, તપાસ એજન્સીને ગુપ્ત માહિતી મળી હતી અને માહિતીની ચકાસણી કર્યા પછી, તારીખ ૧૫/૪/૨૦૧૧ ના રોજ લગભગ ૩.૪૫ કલાકે આરોપી નં. ૧ – કૃષ્ણપ્રસાદ પ્રભુપ્રસાદ અને આરોપી નં. ૨ – રત્નાકર દિવાકર બંસીધર ભાળગામડા ક્રોસ રોડ, પરોઢા લીંબડી નેશનલ હાઈવે નં. ૮એ, સંજીવની હોટલ પાસે આવેલા બ્રિજ (ગરનાળા) પાસે, ૨ કિલો અને ૩૦૦ ગ્રામ વજન ધરાવતા અફીણના બે

પાર્સલના સભાન કબજા સાથે, ગેરકાયદેસર રીતે અને કોઈપણ પાસ અથવા પરમિટ વિના મળી આવ્યા હતા. પ્રોસિક્યુશનનો કેસ એવો છે કે આરોપી નં. ૧ અને ૨ પાસે ૩૦,૦૦૦ રૂપિયા રોકડા, સૈફ એક્સપ્રેસ કુરિયરની પહોંચ, ચૂંટણી કાર્ડ, રેલવે ટિકિટ વગેરે પણ મળી આવ્યા હતા. પ્રોસિક્યુશનનો કેસ એવો છે કે તેમના કબજામાંથી મળેલા અફીણ વિશે પૂછપરછ કરતા, ઉપરોક્ત આરોપી નં. ૧ અને ૨ એ ખુલાસો કર્યો હતો કે સહ–આરોપી અવિનાશકુમાર ઉર્ફે અમિતકુમાર રમેશસિંગ રામકિશોરસિંગ બ્રાહ્મણ, પકડી ગામ, ડે ગેસ એજન્સી રોડનો રહેવાસી, ડૉ. રામેશ્વર પાંડેના ઘરમાં, પો.સ્ટે. નવાદા, જિલ્લો આરાએ તેમને સદર અફીણ આરોપી ભરતસિંહ ઉર્ફે ભૂપતસિંહ ઉર્ફે ભૂપી મંગલસિંહ ઝાલા – આરોપી નં. ૩ ને સોંપવા માટે આપ્યું હતું. ઉપરોક્ત આરોપી નં. ૧ અને ૨ ની કબૂલાત પર, એનડીપીએસ એક્ટની કલમ ૮સી, ૨૦બી અને ૨૯ હેઠળ લીંબડી પોલીસ સ્ટેશનમાં સીઆર નં. ૧–૩૦૩૦/૨૦૧૧ મુજબ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

આરોપી નં. ૧ અને ૨ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે, પોલીસે સૈફ એક્સપ્રેસ કુરિયર, વઢવાણની ઓફિસમાંથી ૭૮ કિલોગ્રામ અને ૫૦૦ ગ્રામ વજનના ૬ પાર્સલ પણ જપ્ત કર્યા હતા, જેની કિંમત રૂ. ૭,૮૫,૦૦૦ છે. પોલીસે કુલ મળીને ૧૦૪ કિલોગ્રામ અને ૮૦૦ ગ્રામ, જેની કિંમત રૂ. ૧૦,૪૮,૦૦૦ છે અને રૂ. ૩૦,૦૦૦ રોકડા તેમજ કુરિયરની પહોંચ, ચૂંટણી કાર્ડ, રેલવે ટિકિટ વગેરે જપ્ત કર્યા હતા. પ્રોસિક્યુશનનો કેસ એવો છે કે આરોપી

નં. ૧ અને ૨ એ અફીણ ગેરકાયદેસર રીતે તેમના કબજામાં રાખ્યું હતું અને આરોપી નં. ૩ ને ગેરકાયદેસર વેચાણ માટે સોંપવા માટે તેનું પરિવહન કર્યું હતું. ફરાર આરોપી દ્વારા બહેરામપુરા (ઓરિસ્સા) થી અફીણ મોકલવામાં આવ્યું હતું. અફીણના પાર્સલ આરોપી નં. ૧ ના નામે સૈફ એક્સપ્રેસ કુરિયર દ્વારા મોકલવામાં આવ્યા હતા અને આરોપી નં. ૧ અને ૨ એ સૈફ એક્સપ્રેસ કુરિયરમાંથી પાર્સલ મેળવ્યા હતા. તેઓ આરોપી નં. ૩ ને તે સોંપવા જઈ રહ્યા હતા અને તે રીતે એકબીજા સાથે સાંઠગાંઠ અને મિલીભગત કરીને કામ કર્યું અને ગુનો કર્યો.

પ્રોસિક્યુશનનો કેસ એવો છે કે આરોપી નં. ૧ અને ફરાર આરોપી સૈફ એક્સપ્રેસ કુરિયર, વઢવાણ મારફતે વારંવાર અફીણ આરોપી નં. ૩ ને ગેરકાયદેસર વેચાણ માટે મોકલી રહ્યા હતા અને આરોપી નં. ૧ અને ૨ ૪/૧૦/૨૦૧૦ થી આ કામ કરી રહ્યા હતા. પાર્સલ કુરિયરમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને આરોપી નં. ૩ ને સોંપવામાં આવ્યા હતા. આરોપી નં. ૩ અફીણની ચુકવણી ફરાર આરોપીના પિતાના બેંક ખાતામાં, વધુ ખાસ કરીને પંજાબ નેશનલ બેંકમાં જમા કરાવતો હતો. તેણે રોકડમાં પણ ચુકવણી કરી હતી અને તે રીતે તમામ આરોપીઓએ એનડીપીએસ એક્ટની કલમ ૮સી, ૨૦બી અને ૨૯ હેઠળ ગુનો કર્યો છે. તેથી, ૧૫/૪/૨૦૧૧ ના રોજ એનડીપીએસ એક્ટની કલમ ૮સી, ૨૦બી અને ૨૯ હેઠળ લીંબડી પોલીસ સ્ટેશનમાં સીઆર નં. ૧–૩૦૩૦/૨૦૧૧ મુજબ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

૨.૦૩. એફઆઈઆર નોંધાયા પછી, તપાસ અધિકારીએ જરૂરી તપાસ હાથ ધરી હતી અને આરોપી સામે પૂરતા પુરાવા હોવાથી, તપાસ પૂર્ણ થવા પર, તપાસ અધિકારીએ ૮/૭/૨૦૧૧ ના રોજ સક્ષમ કોર્ટ, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ ક્લાસ, લીંબડીમાં સી.આર.પી.સી. ની કલમ ૧૭૩ હેઠળ આરોપી નં. ૧, ૨ અને ૩ સામે ચાર્જશીટ દાખલ કરી હતી અને કેસ ક્રિમિનલ કેસ નં. ૫૯૨/૨૦૧૧ તરીકે નોંધવામાં આવ્યો હતો.

૨.૦૪. કેસ સેશન્સ કોર્ટ દ્વારા ચલાવવામાં આવવા પાત્ર હોવાથી, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે, આરોપીને વિનામૂલ્યે ચાર્જશીટના કાગળોની નકલો પૂરી પાડ્યા પછી, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૨૦૯ હેઠળ કેસ સેશન્સ કોર્ટને મોકલી આપ્યો હતો. કેસ ફરીથી સ્પેશિયલ એનડીપીએસ કેસ નં. ૧/૨૦૧૧ તરીકે નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ, કેસ વિદ્વાન એડિશનલ સેશન્સ જજ, લીંબડીની કોર્ટમાં તબદીલ કરવામાં આવ્યો હતો અને તેને સ્પેશિયલ એનડીપીએસ કેસ નં. ૨/૨૦૧૨ તરીકે નવો નંબર આપવામાં આવ્યો હતો.

૨.૦૫. ત્યારબાદ, એડિશનલ સેશન્સ કોર્ટે ૨૩/૨/૨૦૧૨ ના રોજ આંક–૬ પર આરોપ ઘડ્યો હતો અને સી.આર.પી.સી. ની કલમ ૨૨૮(૨) હેઠળ આંક–૭, ૮ અને ૯ પર આરોપીની કબૂલાત પણ નોંધી હતી. આરોપીઓએ ગુનો સ્વીકાર્યો ન હતો અને ટ્રાયલ માટે પ્રાર્થના કરી હતી. તેથી, સેશન્સ જજે ત્રણેય આરોપીઓ સામે કાયદા મુજબ ટ્રાયલ હાથ ધરી હતી.

૨.૦૬. પ્રોસિક્યુશને રેકોર્ડ પર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. પ્રોસિક્યુશને કુલ ૪૦ સાક્ષીઓની તપાસ કરી હતી જેમાં દરોડા પાડનાર ટુકડીના સભ્યો, તપાસ અધિકારી, પંચ સાક્ષીઓ અને અન્ય સાક્ષીઓનો સમાવેશ થાય છે અને પોતાનો કેસ સાબિત કરવા માટે વિશાળ દસ્તાવેજી પુરાવાઓ પર પણ આધાર રાખ્યો હતો.

૨.૦૭. ત્યારબાદ, પ્રોસિક્યુશન દ્વારા ક્લોઝિંગ પુર્સીસ દાખલ કરવા પર, સી.આર.પી.સી. ની કલમ ૩૧૩ હેઠળ આરોપીના નિવેદનો નોંધવામાં આવ્યા હતા.

૨.૦૮. ટ્રાયલના અંતે, એડિશનલ સેશન્સ જજ, લીંબડીએ અપીલકર્તાઓ – મૂળ આરોપીઓને એનડીપીએસ એક્ટની કલમ ૮સી, ૨૦બી અને ૨૯ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠેરવ્યા અને તેમને પ્રત્યેકને રૂ. ૧ લાખના દંડ સાથે ૧૪ વર્ષની સખત કેદની સજા ફટકારી અને દંડ ન ભરવાના કિસ્સામાં વધુ બાર મહિનાની સાદી કેદની સજા ફટકારી. આક્ષેપિત દોષિત ઠરાવવાના અને સજાના ચુકાદા અને આદેશથી નારાજ અને અસંતુષ્ટ થઈને, અહીંના અપીલકર્તાઓ – મૂળ આરોપીઓએ આ તમામ વર્તમાન અપીલો દાખલ કરી છે.

**૩.૦૦. અપીલકર્તાઓ – આરોપીઓનો કેસ :–**

**૩.૦૧. ક્રિમિનલ અપીલ નં. ૧૮૭/૨૦૧૫ ના અપીલકર્તા – મૂળ આરોપી નં. ૩ ની રજૂઆતો :–**

અપીલકર્તા – મૂળ આરોપી નં. ૩ વતી હાજર રહેલા વિદ્વાન વકીલ શ્રી આશિષ ડગલીએ નીચેની દલીલો ઉઠાવી છે :–

[૧] કે આક્ષેપિત સજા અને દોષિત ઠરાવવાનો ચુકાદો અને આદેશ ગેરકાયદેસર, અન્યાયી, અયોગ્ય, રેકોર્ડ પરના પુરાવાઓ વિરુદ્ધ અને ક્રિમિનલ ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો વિરુદ્ધ છે.

[૨] કે વિદ્વાન ન્યાયાધીશે એ હકીકત ધ્યાનમાં લેવી જોઈતી હતી કે જ્યાં સુધી વર્તમાન અપીલકર્તા આરોપીનો સંબંધ છે ત્યાં સુધી, પ્રશ્ન હેઠળના ગુના સાથે તેને જોડવા માટે પુરાવાનો એક અંશ પણ નથી.

[૩] વર્તમાન અપીલકર્તા આરોપી સામે એકમાત્ર પુરાવો સહ–આરોપીનું નિવેદન છે જે કાયદાની નજરમાં સ્વીકાર્ય નથી.

[૪] કે સહ–આરોપીના નિવેદન સિવાય, નીચલી અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલા સમગ્ર પુરાવા દરમિયાન, વર્તમાન આરોપીને પ્રશ્ન હેઠળના ગુના સાથે જોડવા માટે પુરાવાનો એક અંશ પણ નથી. તેથી, વર્તમાન અપીલકર્તા સામેનો

પુરાવો ખૂબ જ નબળો પુરાવો છે અને આવા પુરાવાના આધારે, દોષિત ઠરાવવાનું ટકી શકે નહીં.

[૫] કે પ્રોસિક્યુશનના કેસ મુજબ, એક શ્રી વાઘેલાને ગુપ્ત માહિતી મળી હતી, જેમાં માત્ર અન્ય બે આરોપીઓ વધુ ખાસ કરીને આરોપી નં. ૧ અને ૨ ના નામ જ જાહેર કરવામાં આવ્યા હતા અને વર્તમાન અપીલકર્તા – આરોપી નં. ૩ નું કોઈ નામ જાહેર કરવામાં આવ્યું ન હતું અને તે હકીકત ફ.સા. નં. ૧ રમેશચંદ્ર માધવલાલ પટેલ – આંક–૧૧ દ્વારા સ્વીકારવામાં આવી છે.

[૬] કે સહ–આરોપીના નિવેદન સિવાય, વર્તમાન અપીલકર્તા આરોપીને પ્રશ્ન હેઠળના ગુના સાથે જોડવા માટે કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ સામગ્રી અથવા કોઈ સ્વીકાર્ય પુરાવો નથી. એક પણ સાક્ષીએ વર્તમાન અપીલકર્તા આરોપીને પ્રશ્ન હેઠળના ગુના સાથે સાંકળ્યો નથી. કોઈ પણ સ્વતંત્ર સાક્ષીએ પ્રોસિક્યુશનના કેસને સમર્થન આપ્યું નથી. વર્તમાન અપીલકર્તા – આરોપી નં. ૩ સામે કોઈ વિશ્વસનીય પુરાવો નથી.

[૭] કે વર્તમાન અપીલકર્તા – આરોપી નં. ૩ ને એ આધારે ગુનામાં ફસાવવામાં આવ્યો છે કે વર્તમાન અપીલકર્તાએ ફરાર આરોપીના પિતાના બેંક ખાતામાં અમુક રકમ જમા કરાવી છે. પ્રોસિક્યુશને આંક–૨૮ પર રોહિતાસ્વરકુમાર કન્હીરામ નામના સાક્ષીની તપાસ કરી છે જેઓ પંજાબ નેશનલ બેંક, લીંબડી

શાખામાં શાખા પ્રબંધક તરીકે ફરજ બજાવતા હતા. જો કે, જો તેમની જુબાની ધ્યાનપૂર્વક વાંચવામાં આવે તો, ગુનાહિત સાબિત થાય તેવું કંઈ પણ બહાર આવ્યું નથી અને વર્તમાન અપીલકર્તાને પ્રશ્ન હેઠળના ગુના સાથે જોડવા માટે કોઈ સામગ્રી રેકોર્ડ પર આવી નથી. તેથી, વર્તમાન અપીલકર્તા – આરોપી નં. ૩ ને પ્રશ્ન હેઠળના ગુના સાથે જોડવા માટે કોઈ વિશ્વસનીય પુરાવાની ગેરહાજરીમાં, દોષિત ઠરાવવું એ ગેરકાયદેસર અને કાયદામાં ખરાબ છે.

[૮] કે પ્રોસિક્યુશનના કેસ મુજબ, ફ.સા. નં. ૨ હિતેશ જયસુખભાઈ શાહ આંક–૧૫ જયસુખભાઈ શાહે, મુદ્દામાલનું વજન કરવા માટે સંબંધિત વ્યક્તિને બોલાવ્યો, જોકે, સદર સાક્ષી જેણે મુદ્દામાલનું વજન કર્યું હતું તેણે પ્રોસિક્યુશનના કેસને સમર્થન આપ્યું નથી અને તેને પ્રતિકૂળ (હોસ્ટાઇલ) જાહેર કરવામાં આવ્યો છે. તેથી, પ્રોસિક્યુશનનો સમગ્ર કેસ શંકા પેદા કરે છે અને તેથી, શંકાનો લાભ વર્તમાન અપીલકર્તા – આરોપી નં. ૩ ને આપવો જરૂરી છે.

[૯] કે આંક–૧૯ પર તપાસવામાં આવેલ જગદીશભાઈ ઠાકરસીભાઈ પટેલ નામના સ્વતંત્ર સાક્ષીએ પણ પ્રોસિક્યુશનના કેસને સમર્થન આપ્યું નથી અને તેમને પ્રતિકૂળ જાહેર કરવામાં આવ્યા છે.

[૧૦] પ્રોસિક્યુશનના કેસ મુજબ, જ્યારે દરોડો પાડવામાં આવ્યો હતો, ત્યારે બે પંચો દરોડા પાડનાર ટુકડી સાથે ગયા હતા, જોકે, બંને પંચો એટલે કે

ચંદુભાઈ હરિભાઈ દાદરેચા – ફ.સા. નં. ૩૨, જેમની તપાસ આંક–૭૨ પર કરવામાં આવી છે અને અલ્પેશભાઈ ચમનલાલ રાઠોડ – ફ.સા. નં. ૩૩, જેમની તપાસ આંક–૭૮ પર કરવામાં આવી છે, તેમણે પ્રોસિક્યુશનના કેસને સમર્થન આપ્યું નથી અને તેમને પ્રતિકૂળ જાહેર કરવામાં આવ્યા છે.

[૧૧] કે બે સ્વતંત્ર સાક્ષીઓ એટલે કે જગદીશભાઈ ઠાકરસીભાઈ પટેલ – ફ.સા. નં. ૫૦, જેમની તપાસ આંક–૧૯ પર કરવામાં આવી છે અને નરેન્દ્રસિંહ બળદેવભાઈ રાઠોડ – ફ.સા. નં. ૨૦, જેમની તપાસ આંક–૫૧ પર કરવામાં આવી છે, તેમણે પ્રોસિક્યુશનના કેસને સમર્થન આપ્યું નથી અને તેમને પ્રતિકૂળ જાહેર કરવામાં આવ્યા છે.

[૧૨] તેવી જ રીતે પંચ સાક્ષીઓ જીણાભાઈ સામળાભાઈ ફ.સા. નં. ૩૭ જેમની તપાસ આંક–૮૯ પર કરવામાં આવી છે, આશિષકુમાર રજનીકાંત રાવલ ફ.સા. નં. ૩૬ જેમની તપાસ આંક–૮૬ પર કરવામાં આવી છે, છગનભાઈ રૂડાભાઈ ફ.સા. નં. ૩૫ જેમની તપાસ આંક–૮૫ પર કરવામાં આવી છે, રણજીતભાઈ દાનાભાઈ સોંઢા ફ.સા. નં. ૩૪ જેમની તપાસ આંક–૮૦ પર કરવામાં આવી છે, તેમણે પ્રોસિક્યુશનના કેસને સમર્થન આપ્યું નથી અને તેમને પ્રતિકૂળ જાહેર કરવામાં આવ્યા છે. આમ, પ્રોસિક્યુશન વાજબી શંકાની બહાર પોતાનો કેસ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહ્યું છે.

[૧૩] કે એનડીપીએસ એક્ટ અને નિયમોની ફરજિયાત જોગવાઈઓનું પોલીસ સત્તાવાળાઓ દ્વારા ચુસ્તપણે પાલન કરવામાં આવતું નથી અને તેથી, દોષિત ઠરાવવું એ કાયદામાં ખરાબ છે અને કાયદાની નજરમાં ટકી શકે નહીં.

**૩.૦૨. ક્રિમિનલ અપીલ નં. ૧૮૫/૨૦૧૬ ના અપીલકર્તા – આરોપી નં. ૧ ની રજૂઆતો :–**

અપીલકર્તા – મૂળ આરોપી નં. ૧ વતી હાજર રહેલા વિદ્વાન વકીલ શ્રી કૈવન પટેલે નીચેની દલીલો ઉઠાવી છે :–

[૧] કે આક્ષેપિત દોષિત ઠરાવવાનો અને સજાનો ચુકાદો અને આદેશ રેકોર્ડ પરના પુરાવાઓથી વિપરીત, કાયદામાં ખરાબ, ભૂલભરેલો, અનુમાનો અને અટકળો પર આધારિત છે અને રેકોર્ડ પરના પુરાવાઓના ખોટા અર્થઘટન પર આધારિત છે.

[૨] કે પ્રોસિક્યુશને કેસને વાજબી શંકાની બહાર સાબિત કર્યો નથી.

[૩] કે નીચલી અદાલત એ હકીકત ધ્યાનમાં લેવામાં નિષ્ફળ રહી છે કે એનડીપીએસ એક્ટની કલમ ૪૨ નું યોગ્ય પાલન કરવામાં આવ્યું નથી.

[૪] કે નીચલી અદાલત એ હકીકત ધ્યાનમાં લેવામાં નિષ્ફળ રહી છે કે

એનડીપીએસ એક્ટની કલમ ૫૦ નું યોગ્ય પાલન કરવામાં આવ્યું નથી.

[૫] કે નીચલી અદાલત કલમ ૬૭ ની જોગવાઈઓને તેના સાચા અર્થમાં સમજવામાં નિષ્ફળ રહી છે અને એનડીપીએસ એક્ટની કલમ ૬૭ નું ખોટું અર્થઘટન કરીને વર્તમાન અપીલકર્તાને દોષિત ઠેરવ્યો છે.

[૬] નીચલી અદાલત પ્રોસિક્યુશનના સાક્ષીઓની ઊલટતપાસને તેના સાચા અર્થમાં સમજવામાં નિષ્ફળ રહી છે.

[૭] નીચલી અદાલત એ સમજવામાં નિષ્ફળ રહી છે કે પ્રોસિક્યુશનના સાક્ષીઓના પુરાવા વિશ્વસનીય નથી.

[૮] કે સમગ્ર કેસ ઊભો કરવામાં આવ્યો છે અને બનાવટી છે અને બાતમીદારે પણ જણાવ્યું નથી કે આરોપી કયા સમયે આવશે અથવા તેને તે વિશે કોઈ જાણકારી નથી. એટલું જ નહીં પરંતુ બાતમીદારને સ્થળ વિશે પણ કોઈ જાણકારી નહોતી. આ હકીકતો દર્શાવે છે કે પ્રોસિક્યુશનનો સમગ્ર કેસ ઊભો કરવામાં આવ્યો છે.

[૯] નીચલી અદાલત એ હકીકત સમજવામાં નિષ્ફળ રહી છે કે પ્રોસિક્યુશનના સાક્ષીઓના પુરાવાઓમાં નોંધપાત્ર વિરોધાભાસો, ઉમેરાઓ, અવગણનાઓ અને

સુધારાઓ છે.

**૩.૦૩. ક્રિમિનલ અપીલ નં. ૪૮૭/૨૦૧૬ ના અપીલકર્તા – આરોપી નં. ૨ ની રજૂઆતો :–**

અપીલકર્તા – મૂળ આરોપી નં. ૨ વતી હાજર રહેલા વિદ્ધાન વકીલ શ્રી કૈવન પટેલે નીચેની દલીલો ઉઠાવી છે :–

[૧] કે આક્ષેપિત દોષિત ઠરાવવાનો અને સજાનો ચુકાદો અને આદેશ વિકૃત, કાયદામાં ખરાબ, ભૂલભરેલો અને અનુમાનો, અટકળો અને રેકોર્ડ પરના પુરાવાઓના ખોટા અર્થઘટન પર આધારિત છે.

[૨] કે પ્રોસિક્યુશન કેસને વાજબી શંકાની બહાર સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે.

[૩] કે હાથ ધરવામાં આવેલ પંચનામું તપાસ એજન્સી દ્ધારા વિશેષ કાયદાની પ્રક્રિયા મુજબ નથી.

[૪] કે પ્રોસિક્યુશનનો સમગ્ર કેસ સંજોગોજન્ય પુરાવા પર આધારિત છે.

[૫] કે નીચલી અદાલતે એવું ઠરાવવામાં ભૂલ કરી છે કે વર્તમાન અપીલકર્તા

ગુનામાં સીધી રીતે સંકળાયેલ છે અને તેણે ગુનો કર્યો છે.

[૬] કે નીચલી અદાલતે ખોટી રીતે એવું ઠરાવ્યું છે કે વર્તમાન અપીલકર્તા સામેનો કેસ એનડીપીએસ એક્ટની કલમ ૪૨ અને ૫૦ ની પ્રક્રિયા મુજબ હાથ ધરવામાં આવેલા પંચનામા દ્વારા વાજબી શંકાની બહાર સાબિત થાય છે. નીચલી અદાલત એ હકીકત સમજવામાં નિષ્ફળ રહી કે કલમ ૪૨ અને ૫૦ હેઠળ તૈયાર કરાયેલ સદર પંચનામા તપાસ અધિકારી દ્વારા હિન્દી ભાષામાં તૈયાર કરવામાં આવ્યા હતા.

[૭] નીચલી અદાલતે ખોટી રીતે એવું ઠરાવ્યું છે કે પંચનામાના તમામ સાક્ષીઓએ તેમના પંચનામા અને ફરિયાદ મુજબ સાચું વર્ણન આપ્યું છે.

[૮] કે વિદ્વાન નીચલી અદાલત એ હકીકત સમજવામાં નિષ્ફળ રહી કે પંચો દ્વારા તપાસ અધિકારી સમક્ષ આપવામાં આવેલા નિવેદનો અને કોર્ટ સમક્ષની તેમની જુબાનીઓ વચ્ચે નોંધપાત્ર વિરોધાભાસ છે.

[૯] નીચલી અદાલત એ સમજવામાં નિષ્ફળ રહી કે પ્રોસિક્યુશન કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે અને સૈફ એક્સપ્રેસ કુરિયરમાંથી મળેલા ૭૮.૫ કિગ્રા. ગાંજાના મુખ્ય એનએસપીએસ પદાર્થ સાથે વર્તમાન અપીલકર્તાને જોડતો એક પણ સાક્ષી નથી.

[૧૦] નીચલી અદાલત એવિડન્સ એક્ટની કલમ ૩ અને ૬ ની જોગવાઈઓ સમજવામાં નિષ્ફળ રહી અને એ સમજવામાં નિષ્ફળ રહી કે સાક્ષીઓ દ્વારા કોઈ પુરાવા આપવામાં આવ્યા નથી.

[૧૧] નીચલી અદાલતે એવું ઠરાવવામાં ભૂલ કરી કે દરોડા પાડનાર પક્ષોના તમામ સાક્ષીઓ અને વર્તમાન અપીલકર્તા એનએસપીએસ એક્ટની કલમ ૪૨ અને ૫૦(૧) હેઠળ પંચનામાના સમયે "અજવાળામાં" ત્યાં હતા, જોકે, સદર સાક્ષીની જુબાનીમાંથી તે સ્પષ્ટપણે બહાર આવી રહ્યું છે કે તે સમયે કોઈ સ્ટ્રીટ લાઈટ ન હતી.

[૧૨] કે એફએસએલ માં મોકલવામાં આવેલ મુદ્દામાલ પણ એનડીપીએસ એક્ટની ફરજિયાત પ્રક્રિયા મુજબ ન હતો.

[૧૩] નીચલી અદાલત એ સમજવામાં નિષ્ફળ રહી કે સાક્ષીઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનો અને કોર્ટ દ્વારા નોંધવામાં આવેલી તેમની જુબાનીઓ વચ્ચે નોંધપાત્ર વિરોધાભાસ છે.

[૧૪] કે નીચલી અદાલત એ હકીકત સમજવામાં નિષ્ફળ રહી છે કે એનડીપીએસ એક્ટની કલમ ૪૨ નું યોગ્ય પાલન કરવામાં આવ્યું નથી.

[૧૫] કે નીચલી અદાલત એ હકીકત સમજવામાં નિષ્ફળ રહી છે કે એનડીપીએસ એક્ટની કલમ ૫૦ નું યોગ્ય પાલન કરવામાં આવ્યું નથી.

[૧૬] કે નીચલી અદાલત કલમ ૬૭ ની જોગવાઈઓને તેના સાચા અર્થમાં સમજવામાં નિષ્ફળ રહી છે અને એનડીપીએસ એક્ટની કલમ ૬૭ નું ખોટું અર્થઘટન કરીને વર્તમાન અપીલકર્તાને દોષિત ઠેરવ્યો છે.

[૧૭] નીચલી અદાલત પ્રોસિક્યુશનના સાક્ષીઓની ઊલટતપાસને તેના સાચા અર્થમાં સમજવામાં નિષ્ફળ રહી છે.

[૧૮] નીચલી અદાલત એ સમજવામાં નિષ્ફળ રહી છે કે પ્રોસિક્યુશનના સાક્ષીઓના પુરાવા વિશ્વસનીય નથી.

[૧૯] નીચલી અદાલત એ હકીકત સમજવામાં નિષ્ફળ રહી છે કે પ્રોસિક્યુશનના સાક્ષીઓના પુરાવાઓમાં નોંધપાત્ર વિરોધાભાસો, ઉમેરાઓ, અવગણનાઓ અને સુધારાઓ છે.

૪.૦૦. બીજી તરફ, સામાવાળા – રાજ્ય વતી હાજર રહેલા વિદ્વાન એપીપી શ્રી હિમાંશુ કે. પટેલે ત્રણેય અપીલોનો વિરોધ કર્યો છે. તેમણે નીચેની દલીલો ઉઠાવી છે :–

[૧] કે પ્રોસિક્યુશને કેસને વાજબી શંકાની બહાર સાબિત કર્યો છે.

[૨] કે તમામ આરોપીઓ સામે સચોટ અને ખાતરીજનક પુરાવા છે.

[૩] કે પ્રોસિક્યુશનના સાક્ષીઓએ પ્રોસિક્યુશનના કેસને સમર્થન આપ્યું છે.

[૪] કે રેકોર્ડ પરના પુરાવા પરથી, તે વાજબી શંકાની બહાર સાબિત થયું છે કે આરોપી નં. ૧ અને ૨ ની ૨૬ કિગ્રા. અને ૩૦૦ ગ્રામ વજનના અફીણના બે પેકેટ સાથે ધરપકડ કરવામાં આવી છે. આરોપી નં. ૧ અને ૨ દ્વારા ગેરકાયદેસર અફીણના પરિવહન અંગે તપાસ એજન્સીને અગાઉથી માહિતી હતી. પ્રતિબંધિત પદાર્થ આરોપી નં. ૧ અને ૨ ના સભાન કબજામાંથી મળી આવ્યો છે. તેને જરૂરી પંચનામા તૈયાર કરીને જપ્ત કરવામાં આવ્યો છે.

[૫] કે આરોપી નં. ૧ અને ૨ એ કબૂલાત કરી છે કે પ્રતિબંધિત પદાર્થ આરોપી નં. ૩ ભરતસિંહ ઉર્ફે ભૂપતસિંહ ઉર્ફે ભૂપી મંગલસિંહ ઝાલાને સોંપવાનો હતો.

[૬] કે આરોપી નં. ૧ અને ૨ ની કબૂલાત અને માહિતીના આધારે, તપાસ એજન્સીએ સૈફ એક્સપ્રેસ કુરિયરની ઓફિસમાંથી ૭૮ કિગ્રા. અને ૫૦૦ ગ્રામ વજનના પ્રતિબંધિત પદાર્થ – અફીણના ૬ પાર્સલ જપ્ત કર્યા છે.

[૭] કે પોલીસ દ્વારા કુલ ૧૦૪ કિગ્રા. અને ૮૦૦ ગ્રામ પ્રતિબંધિત પદાર્થ –

અફીણ જપ્ત કરવામાં આવ્યું છે જેની કિંમત રૂ. ૧૦,૪૮,૪૦૦૦/– છે.

[૮] કે પ્રોસિક્યુશને વાજબી શંકાની બહાર સાબિત કર્યું છે કે આરોપીઓ એકબીજાની મિલીભગતથી સૈફ એક્સપ્રેસ કુરિયર મારફતે પ્રતિબંધિત પદાર્થ – અફીણનું પરિવહન, વિતરણ અને વેચાણ કરતા હતા અને પાર્સલ આરોપી નં. ૧ અને ૨ ના નામે મોકલવામાં આવતા હતા અને આરોપી નં. ૧ અને ૨ સૈફ એક્સપ્રેસ કુરિયરમાંથી અફીણના પાર્સલ છોડાવતા હતા અને આરોપી નં. ૩ ને સોંપવા માટે પરિવહનમાં હતા. અગાઉ પણ આરોપી નં. ૧ અને ૨ એ અફીણનું પરિવહન કર્યું હતું અને આરોપી નં. ૩ ને ગેરકાયદેસર રીતે વેચ્યું હતું અને અફીણના પરિવહન માટેની સૈફ એક્સપ્રેસ કુરિયરની પહોંચ પણ પુરાવા આપીને સાબિત થઈ છે. કે પ્રોસિક્યુશને સાબિત કર્યું છે કે પ્રતિબંધિત પદાર્થની વેચાણ કિંમત ફરાર આરોપીના પિતાના બેંક ખાતામાં વધુ વિશેષરૂપે પંજાબ નેશનલ બેંક, વઢવાણ બ્રાન્ચમાં જમા કરવામાં આવી હતી.

[૯] કે માત્ર કેટલાક સાક્ષીઓ વધુ વિશેષરૂપે, હિતેશભાઈ, જેમણે પ્રતિબંધિત પદાર્થનું વજન કર્યું હતું અને કેટલાક પંચોએ પ્રોસિક્યુશનના કેસને સમર્થન આપ્યું નથી, તેથી એવું કહી શકાય નહીં કે આરોપી સામે વાજબી શંકાની બહાર કેસ સાબિત થયો નથી.

[૧૦] કે એફએસએલના અહેવાલ મુજબ, જપ્ત કરાયેલ પ્રતિબંધિત પદાર્થ

અફીણ છે.

[૧૧] કે આરોપીઓ પ્રતિબંધિત પદાર્થ – અફીણના ગેરકાયદેસર પરિવહન અને વેચાણમાં અને એવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવામાં સંકળાયેલા છે જે સમાજ માટે ખતરનાક અને જોખમી છે.

[૧૨] કે નીચલી અદાલતે રેકોર્ડ પરના વિશાળ પુરાવાઓનું સાચું મૂલ્યાંકન કરીને અને બાર સમક્ષ ટાંકવામાં આવેલા ચુકાદાઓને ધ્યાનમાં લઈને, ત્રણેય આરોપીઓને યોગ્ય રીતે દોષિત ઠેરવ્યા છે. આક્ષેપિત દોષિત ઠરાવવાનો અને સજાનો ચુકાદો અને આદેશ ન્યાયી, કાયદેસર છે અને નીચલી અદાલત દ્વારા કોઈ ભૂલ કરવામાં આવી નથી. નીચલી અદાલતે બચાવ પક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલી તમામ દલીલોને ધ્યાનમાં લીધી છે. તેથી, આ કોર્ટની કોઈ દખલગીરી જરૂરી નથી અને યોગ્ય ન્યાય કરવા માટે તમામ અપીલો ફગાવી દેવાને પાત્ર છે.

૫.૦૦. ક્રિમિનલ અપીલ નં. ૧૮૭/૨૦૧૫ – મૂળ આરોપી નં. ૩ ના અપીલકર્તા વતી હાજર રહેલા વિદ્વાન વકીલ શ્રી આશિષ ડગલી, ક્રિમિનલ અપીલ નં. ૧૮૫/૨૦૧૬ અને ૪૮૭/૨૦૧૬ – મૂળ આરોપી નં. ૧ અને ૨ ના અપીલકર્તાઓ વતી હાજર રહેલા વિદ્વાન વકીલ શ્રી કૈવન પટેલ, અને બંને અપીલોમાં સામાવાળા રાજ્ય વતી હાજર રહેલા વિદ્વાન એપીપી શ્રી હિમાંશુ પટેલને વિગતવાર સાંભળવામાં આવ્યા. આક્ષેપિત દોષિત ઠરાવવાના અને

સજાના ચુકાદા અને આદેશને ધ્યાનમાં લેવામાં આવ્યો. રેકોર્ડ પરના પુરાવાઓમાંથી પસાર થયા અને ફરીથી મૂલ્યાંકન કર્યું.

૬.૦૦. રેકોર્ડ પરના પુરાવાઓને ધ્યાનમાં લેતા, નીચેની હકીકતો બહાર આવે છે :-

૬.૦૧. રમેશચંદ્ર માધવલાલ પટેલ – ફરિયાદીની જુબાની પરથી એ સ્થાપિત થયું છે કે ફરિયાદીને અફીણના ગેરકાયદેસર પરિવહન અંગે અગાઉથી જાણ હતી કે નેશનલ હાઈવે નં. ૮/એ પર, ભાળગામડા તરફ જતા રસ્તા પર, સંજીવની હોટલ પાસે, બે વ્યક્તિઓ અફીણના કાર્ટન સાથે બેઠા છે. બંને વ્યક્તિઓના વર્ણન અને કપડાં વિશે અગાઉથી માહિતી હતી. ગુપ્ત માહિતી મળ્યા બાદ, પ્રદ્યુમન શિવાજીને માહિતીની ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા અને તેમણે માહિતીની ચકાસણી કરી હતી અને તેથી પોલીસ અધિક્ષકને જાણ કરવા જેવી જરૂરી ઔપચારિકતાઓ કરવામાં આવી હતી અને પંચોને બોલાવવામાં આવ્યા હતા અને સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં. ૨૦/૧૧ પર જરૂરી એન્ટ્રી નોંધવામાં આવી હતી. બે પંચો એટલે કે ચંદુભાઈ હરિભાઈ અને અલ્પેશ ચમનલાલ અને દરોડા પાડનાર ટુકડીના અન્ય સભ્યોને દરોડા વિશે જાણ કરવામાં આવી હતી. તેઓ પંચ બનવા માટે તરત જ સંમત થયા. પંચોની તલાશી લેવામાં આવી હતી, જોકે, પંચો પાસેથી કંઈ પણ ગુનાહિત સાબિત થાય તેવું મળ્યું ન હતું. ત્યારબાદ, દરોડા પાડનાર ટુકડીના સભ્યો અને પંચો જે જગ્યા

માટે ગુપ્ત માહિતી મળી હતી તે સ્થળે ગયા હતા. તેઓ ત્રણ અલગ અલગ સરકારી વાહનોમાં ગયા હતા. તેઓ પેકિંગ, વજન, સીલિંગ, કાગળની થેલીઓ, સીલ વગેરે માટે જરૂરી સામગ્રી પણ સાથે લઈ ગયા હતા. તે માટે પ્રારંભિક પંચનામું પણ તૈયાર કરવામાં આવ્યું હતું. સદર સાક્ષીની જુબાની પરથી એ સ્થાપિત થયું છે કે જ્યારે દરોડા પાડનાર ટુકડીના તમામ સભ્યો અને પંચો ત્રણ અલગ અલગ વાહનોમાં ગુનાના સ્થળે પહોંચ્યા, ત્યારે બે વ્યક્તિઓ બે પાર્સલ સાથે સંજીવની હોટલ પાસે બેઠા હતા. તેઓએ તેમને ઘેરી લીધા અને તેમને પૂછતાં, તેઓએ તેમના નામ કૃષ્ણ પ્રસાદ પ્રભુપ્રસાદ તુર્હા – અહીંના આરોપી નં. ૧ અને રત્નાકર દિવાકર બંસીધર – અહીંના મૂળ આરોપી નં. ૨ તરીકે જાહેર કર્યા. પોલીસ અધિક્ષકે પોતાનો પરિચય રાજપત્રિત અધિકારી તરીકે આપ્યો. એસ.પી. એ આરોપીઓને એ પણ જાણ કરી કે તેમને અન્ય રાજપત્રિત અધિકારી અથવા મેજિસ્ટ્રેટ સમક્ષ તલાશી લેવડાવવાનો અધિકાર છે અને જો તેઓ ઈચ્છે તો તેઓ અન્ય રાજપત્રિત અધિકારી અથવા મેજિસ્ટ્રેટ સમક્ષ તેમની તલાશી માટે વ્યવસ્થા કરી શકે છે. એસ.પી. એ આરોપી નં. ૧ અને ૨ ને તેમની તલાશી વિશે મૌખિક તેમજ લેખિતમાં જાણ કરી અને આરોપી નં. ૧ અને ૨ ની સહી લેવામાં આવી અને તેની એક નકલ ઉપરોક્ત આરોપી નં. ૧ અને ૨ ને આપવામાં આવી. એનડીપીએસ એક્ટની કલમ ૫૦ હેઠળનું પંચનામું હિન્દી ભાષામાં તૈયાર કરવામાં આવ્યું હતું અને તેના પર આરોપી નં. ૧ અને ૨ ની સહી લેવામાં આવી હતી અને સદર પંચનામાની એક નકલ આરોપી નં. ૧ અને ૨ ને આપવામાં

આવી હતી. ત્યારબાદ, દરોડા પાડનાર ટુકડીના સભ્યો તેમજ પંચો દ્વારા આરોપી નં. ૧ અને ૨ ની તલાશી લેતા, આરોપી નં. ૧ અને ૨ ની પાસેથી કોઈ પ્રતિબંધિત પદાર્થ મળ્યો ન હતો. ત્યારબાદ, આરોપી નં. ૧ અને ૨ ના કબજામાં રહેલા બે પાર્સલની તપાસ કરતા, અફીણ જેવો પ્રતિબંધિત પદાર્થ મળી આવ્યો હતો અને તેને સુંઘતા, એવું જાણવા મળ્યું હતું કે તે અફીણ છે. અફીણ માટે પાસ અને પરમિટ વિશે પૂછતાં, આરોપી નં. ૧ અને ૨ એ જણાવ્યું કે તેમની પાસે સદર પ્રતિબંધિત પદાર્થ રાખવા માટે કોઈ પાસ કે પરમિટ નથી. આરોપી નં. ૧ – કૃષ્ણપ્રસાદ પ્રભુપ્રસાદના શર્ટના ડાબા ખિસ્સાની તલાશી લેતા, એક ચૂંટણી કાર્ડ અને સૈફ એક્સપ્રેસ કુરિયરની ૧૦/૪/૨૦૧૧ ની પહોંચ નં. ૦૦૦-૩૩૫૭૬૫૭ મળી આવી હતી, જેમાં લખ્યું હતું કે, "બુરહાનપુર થી સુરેન્દ્રનગર અને કૃષ્ણપ્રસાદ માર્કેટિંગ યાર્ડ, જીઆઇડીસી, વઢવાણ સિટી, ગુજરાત, વજન ૬૦ કિગ્રા. બોક્સ-૪. સદર પહોંચ ડુપ્લિકેટ (બે નકલો) માં હતી. તારીખ ૪/૪/૨૦૧૧ નું એક ચલણ નં. ૨૫૧૪૧૨૭૭ મળી આવ્યું હતું જેમાં લખ્યું હતું કે, "મોકલનાર – અમિતકુમાર, રેલવે સ્ટેશન પાસે, બુરહાનપુર – મેળવનાર – કૃષ્ણપ્રસાદ માર્કેટિંગ યાર્ડ, જીઆઇડીસી, વઢવાણ સિટી, વજન ૬૦ કિગ્રા. બોક્સ-૪. દરોડા પાડનાર ટુકડીએ વધુ તપાસ માટે ઉપરોક્ત પહોંચ અને ચૂંટણી કાર્ડ જપ્ત કર્યા હતા. ઉપરોક્ત આરોપીના પેન્ટના ખિસ્સાની તપાસ કરતા, ૧૦૦ ના મૂલ્યની ભારતીય ચલણની ૨૫૦ નોટો મળી આવી હતી, જે કુલ રૂ. ૨૫,૦૦૦/- હતી. તે પણ તપાસ એજન્સી દ્વારા જપ્ત કરવામાં આવી

હતી. ત્યારબાદ, આરોપી રત્નાકર દિવાકર બંસીધરની તલાશી લેતા, તેના સ્વેટરના ખિસ્સામાંથી ચૂંટણી કાર્ડ અને તારીખ ૯/૪/૨૦૧૧ ની દિલ્હી થી અમદાવાદની રેલવે ટિકિટ અને તારીખ ૧૦/૪/૨૦૧૧ ની અમદાવાદથી લીંબડીની બે બસ ટિકિટ મળી આવી હતી. તેના પેન્ટના ખિસ્સામાંથી ૧૦૦ રૂપિયાના મૂલ્યની ૫૦ ચલણી નોટો મળી આવી હતી. વધુ તપાસ માટે તે પણ જપ્ત કરવામાં આવી હતી. ઉપરોક્ત સાક્ષીની જુબાની પરથી એ સ્પષ્ટ થાય છે કે આરોપી નં. ૧ અને ૨ ના કબજામાંથી મળેલા પદાર્થની ચકાસણી માટે હિતેશભાઈ જયસુખભાઈ શેઠને વજન કાંટા સાથે પદાર્થનું વજન કરવા માટે બોલાવવામાં આવ્યા હતા અને તેમની પણ તલાશી લેવામાં આવી હતી અને તેમની પાસેથી કોઈ પ્રતિબંધિત પદાર્થ મળ્યો ન હતો. આ સાક્ષીની જુબાની પરથી એ સ્થાપિત થયું છે કે એફએસએલ અધિકારી, સુરેન્દ્રનગર શ્રી એમ.એમ. જાની તેમના સાધનોની કિટ સાથે ગુનાના સ્થળે આવ્યા હતા અને તેમની પણ તલાશી લેવામાં આવી હતી, પરંતુ તેમની પાસેથી કોઈ પ્રતિબંધિત પદાર્થ મળ્યો ન હતો.

ત્યારબાદ, આરોપી નં. ૧ અને ૨ ના કબજામાંથી મળેલું અફીણ એ.એસ.પી. ના પત્ર સાથે પૃથ્થકરણ માટે એફએસએલના અધિકારીને આપવામાં આવ્યું હતું અને તેની તપાસ કરવા પર, એફએસએલના અધિકારીએ લેખિતમાં પ્રાથમિક અભિપ્રાય આપ્યો હતો કે સદર પદાર્થ અફીણ છે. ત્યારબાદ, અફીણના કાર્ટનનું વજન કરવામાં આવ્યું હતું અને તે ૧૪ કિગ્રા અને ૨૧૦ ગ્રામ

હતું. અફીણનું ચોખ્ખું વજન ૧૩ કિગ્રા અને ૨૦૦ ગ્રામ હતું. ૧ કિગ્રા અફીણની કિંમતની ગણતરી કરતાં, તે રૂ. ૧,૩૨,૦૦૦ ની કિંમતનું હતું. સદર અફીણમાંથી, બે નમૂનાઓ, વધુ ખાસ કરીને કંટ્રોલ નમૂનો અને રિઝર્વ નમૂનો, પ્રત્યેક ૧૦૦ ગ્રામ પ્લાસ્ટિકના જારમાં લેવામાં આવ્યા હતા. તેવી જ રીતે, અફીણના અન્ય કાર્ટનનું વજન કરવામાં આવ્યું હતું અને તે ૧૪ કિગ્રા અને ૬૫ ગ્રામ હતું અને અફીણનું ચોખ્ખું વજન ૧૩ કિગ્રા અને ૧૦૦ ગ્રામ હતું, ૧ કિગ્રાની કિંમત રૂ. ૧૦,૦૦૦ ગણતા, અફીણની કિંમત રૂ. ૧,૩૧,૦૦૦/- હતી. પ્રત્યેક ૧૦૦ ગ્રામના બે નમૂના, એક કંટ્રોલ નમૂનો અને રિઝર્વ નમૂનો લેવામાં આવ્યા હતા. રૂ. ૨,૬૩,૦૦૦/- ની કિંમતનું કુલ ૨૬ કિગ્રા અને ૩૦૦ ગ્રામ અફીણ પંચનામું તૈયાર કરીને વસૂલ કરવામાં આવ્યું અને જપ્ત કરવામાં આવ્યું. તેથી, એનડીપીએસ એક્ટની કલમ ૮સી, ૨૦બી અને ૨૯ હેઠળના ગુના માટે એફઆઈઆર નોંધવામાં આવી હતી અને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને ગુનાના સ્થળનું જરૂરી પંચનામું તૈયાર કરવામાં આવ્યું હતું.

સદર સાક્ષીની જુબાની પરથી એ સ્પષ્ટ થાય છે કે પંચોની હાજરીમાં આરોપી નં. ૧ અને ૨ ને પૂછતાં કે તેઓ અફીણ ક્યાંથી લાવ્યા છે અને કોને સોંપવાનું છે, ત્યારે આરોપીઓએ ખુલાસો કર્યો કે અફીણ અવિનાશ રમેશભાઈ, પકડીગયના રહેવાસી, જી.આરા, બિહાર દ્બારા સૈફ એક્સપ્રેસ કુરિયર મારફતે મોકલવામાં આવ્યું છે અને સદર અફીણ આરોપી નં. ૩ ભૂપેન્દ્રસિંહ મંગલસિંહ ઝાલા, ઉર્ફે ભૂપી, છળિયાપરા, મહાકાળી રોડ, વજુભાઈ વકીલની શેરી,

લીંબડીના રહેવાસીને સોંપવાનું છે.

૬.૦૨. રાજકુમાર બસેસર આંક–૧૯ અને સંતોષકુમાર શરદચંદ્ર પ્રધાન – આંક–૨૨ ની જુબાની પરથી સૈફ એક્સપ્રેસ કુરિયરની પહોંચ સ્થાપિત અને સાબિત થઈ છે. આમ, આરોપી નં. ૧ અને ૨ દ્વારા સૈફ એક્સપ્રેસ કુરિયર મારફતે અફીણનું પરિવહન સ્થાપિત અને સાબિત થયું છે. સંતોષકુમાર શરદચંદ્ર પ્રધાન – આંક–૨૨ એ સ્વીકાર્યું કે ૫/૧૧/૨૦૧૦ ના રોજ કુરિયરને પાર્સલ આપવામાં આવ્યું હતું અને તેનું વજન ૩૦ કિગ્રા હતું. તે વઢવાણ મોકલવાનું હતું અને પાર્સલ ચાર્જ તરીકે રૂ. ૯૨૩ વસૂલ કરવામાં આવ્યા હતા અને અન્ય એક પાર્સલ ૧૪/૧૧/૨૦૧૦ ના રોજ કુરિયરને આપવામાં આવ્યું હતું જે ૪૦ કિગ્રાનું હતું અને રૂ. ૧૦૦૦ નો ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. તેણે સ્વીકાર્યું કે સદર પાર્સલ વઢવાણ સિટી મોકલવામાં આવ્યું હતું અને ત્યારબાદ અવિનાશકુમાર ૫/૨/૨૦૧૦ ના રોજ પાર્સલ લઈને આવ્યા હતા જેનું વજન ૪૦ કિગ્રા હતું અને તેની પાસેથી રૂ. ૧૦૩૧ નો ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો અને તેની સાથે કૃષ્ણપ્રસાદ પણ આવ્યો હતો અને સદર પાર્સલ વઢવાણ મોકલવાનું હતું. ત્યારબાદ, અવિનાશકુમારે ૨૯/૩/૨૦૧૧ ના રોજ ૪૦ કિગ્રા.નું પાર્સલ લાવ્યો હતો અને તેની પાસેથી રૂ. ૧૦૨૧ નો ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત સાક્ષીના પુરાવા મુજબ, ત્યારબાદ અવિનાશકુમાર ૪/૪/૨૦૧૧ ના રોજ ૬૦ કિગ્રા.ના પાર્સલ સાથે પણ આવ્યો હતો અને પાર્સલ વઢવાણ પહોંચાડવાનું હતું અને જેના માટે, રૂ. ૧૮૦૧ નો ચાર્જ વસૂલ કરવામાં આવ્યો

